ગાંધીનગર સમાચાર

નગરના ઉધાનો પાણીના અભાવે હરિયાળી ગુમાવી રહયા છે

# જિલ્લામાં ડેન્ગ્યુના વધુ ૧૦ કેસ

**છેલ્લા ૨૪ કલાકમાં એક સાથે ૧૦ કેસ પોઝીટીવ આવતા આરોગ્ય તંત્ર દોડધામમાં : કુલ આંક ૪૨ થયો : ૨૪ કલાકમાં પોઝીટીવ કેસોની સંખ્યામાં પહેલીવાર આટલો મોટો વધારો નોંધાયો**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં ડેન્ગ્યુના રોગચાળાએ ભરડો લેતા આરોગ્ય તંત્રની ઉંઘ હરામ થઈ જવા પામી છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૦ કેસમાં ડેન્ગ્યુ પોઝીટીવ આવતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. આ સાથે ગાંધીનગર જિલ્લામાં ડેન્ગ્યુ પોઝીટીવ કેસનો કુલ આંક ૪૨ સુધી પહોંચી જવા પામ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં અત્યાર સુધીના સૌથી વધુ કેસ પોઝીટીવ આવતા ડેન્ગ્યુની ગંભીરતા ઘણી વધી જવા પામી છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં પરીક્ષણ માટે લેવાયેલા ૨૦માંથી ૧૦ કેસ પોઝીટીવ આવ્યા છે. ડેન્ગ્યુના પોઝીટીવ આવેલા કેસો સેકટર-૨, ૩, ૪, ૨૮, ૨૪, ૩૦ અને ધોળાકુવા વિસ્તારના છે. આ સપ્તાહના આરંભે જ ૭ કેસ પોઝીટીવ મળ્યા હતા. આ સાથે જિલ્લામાં ડેન્ગ્યુના કુલ પોઝીટીવ કેસની સંખ્યા ૪૨ સુધી પહોંચતા તંત્ર હરકતમાં આવી ગયું છે.

આ સમયે ગત વર્ષની સરખામણીએ આશરે ૨૦૦ ટકાના વધારા સાથે ડેન્ગ્યુ રોગે સમગ્ર જિલ્લાને ભરડો લીધો હોવાનું જણાય છે. ડેન્ગ્યુની સરખામણીએ આ વર્ષે મેલેરિયાના દર્દીઓમાં ગત વર્ષ કરતા ઘણો ઘટાડો નોંધાયો છે. મેલેરિયાના કેસોમાં ઘટાડો તંત્ર માટે રાહતરૂપ પુરવાર થાય તેમ હતું પરંતુ સામે ડેન્ગ્યુના એક સાથે આટલા બધા કેસ પોઝીટીવ આવતા આરોગ્ય તંત્રએ હરકતમાં આવી રોગને કાબુમાં લેવા દોડધામ હાથ ધરી છે. છેલ્લા કેટલાય સમયથી ડેન્ગ્યુ, મેલેરિયા જેવા વાહકજન્ય રોગો અંગે નાગરિકોમાં જાગૃતિ ફેલાવવા અનેકવિધ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હોવા છતાં દિનપ્રતિદિન ડેન્ગ્યુનો ભરડો વધતો ગયો છે તે ચિંતાજનક બાબત છે એક તરફ નગરમાં નવરાત્રિનો માહોલ ચરમ સીમાએ પહોંચ્યો છે ત્યારે ડેન્ગ્યુને કાબુમાં લેવા આરોગ્યતંત્ર કેટલા અસરકારક પગલાં ભરશે તે જોવું રહ્યું.

## પાણી-ગટર વેરોના બાકીદારોનુ જોડાણ કાપવા સુધીના પગલા લેવાશે

**તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવા વિચારણા**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત ઝુંબેશના અંતે તંત્ર દ્વારા બાકી માંગણાની વસુલાત માટે નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે બાકીદારોની યાદી તૈયાર કરી વેરા વસુલાત માટે પ્રયાસો શરૂ કરી દેવયા છે.પરંતુ તંત્રના ચોપડે વર્ષો જુના બાકી માંગણાની ઉધારીનો આંકડો પણ ઘણો મોટો છે.ત્યારે જુની વસુલાત રિકવર કરવાનુ પણ તંત્ર માટે ચેલેન્જરૂપ બની ગયુ છે. તંત્ર દ્વારા વસુલાત માટે કોઈ અસરકારક પગલા લેવાતા નથી.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે દરવર્ષે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે તંત્રના ચોપડે જુના બાકી માંગણાનો આંકડો

● અનુસંધાન પાન-૭

## સેકટરોના આંતરિક માર્ગો પર થીગડા સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા

### છેલ્લા પાંચ વર્ષથી નવા સેકટરોના રસ્તાનુ કામ હાથ ધરાયુ નથી

ગાંધીનગર તા ૧૭

શહેરના નવા સેકટરોમાં આંતરિક રસ્તાઓ પર થાગડ થીગડ કરી દેવાતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. સે ૧-થી ૫માં આંતરિક રસ્તાઓનુ કામ છેલ્લા ૫ વર્ષથી હાથ ધરાયુ નથી જયારે નિયત સમયના અંતે રસ્તાઓની હાલત કફોડી બની છે. ચોમાસાના અંતે રસ્તાઓનુ સદંતર ધોવાણ થતા ત્વરિત અસરથી રસ્તાઓનુ કામ હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.


શહેરમાં મોટાભાગના રસ્તાઓનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જો કે નગરના મુખ્ય ઘ માર્ગ તેમજ સેકટરોના આંતરિક રસ્તાઓનુ કામ બાકી છે.

● અનુસંધાન પાન-૭



હે મને ઘેલો કીધો - હો રંગ રસીયા ક્યાં રમી આવ્યા રાસ... નવરાત્રીના ચોથા નોરતે યૌવન ઘેલું થયું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં ચોથા નોરતે મા-આદ્યશક્તિની આરાધના કરવા યૌવન હકડેઠઠ ઉમટી પડ્યું હતું. ગોલ્ડન ચીયર્સના સથવારે યુવાનો મન મુકીન ગરબે ઘુમ્યા હતા.... યુવાનોમાં રાસ-ગરબા રમવાનો ઉત્સાહ ચોથા નોરતે ચમરસીમાએ હતો... તો અબાલવૃદ્ધ સહિત મહિલાઓએ માતાજીનો ગરબો માથે મુકી ગરબે ઘુમ્યા હતા અને માતાજીની આરાધનામાં જોડાયા હતા... સાથે સાથે ગરબા પ્રેમીઓ ગરબા જોવા અને સાંભળવા મોટી સંખ્યામાં ગરબા ગ્રાઉન્ડમાં ઉમટ્યા હતા. (તસવીર : પરમ ક્રિએશન)


**જન્મદિન આપકો મુબારક હો..**



અમારા કુળનો
દીપક તું
અમ અંતરનો
અજવાસ
આશિષ દઈએ
દિલથી તુજને
કારણ તું છે ખાસ

Yash Prajapati
Date of Birth - 18/10/2012

ચેતન (પપ્પા) દેવજીભાઈ (દાદા)
નીતા (મમ્મી) સવિતાબેન (દાદી)
રાજેશકુમાર (ફુવા) દિપીકાબેન (ફઈ)
ધ્રુવી (ભાણી)
પ્લોટ નં. ૩૮૨/૧, સેક્ટર-૪બી,, ગાંધીનગર. મો. ૯૮૨૫૦ ૭૩૨૪૪




શેરી ગરબા - શહેરમાં ઠેર ઠેર શેરી ગરબાનું પણ ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું છે. શહેરના વિવિધ સેક્ટરોમાં યોજાયેલ શેરી ગરબામાં નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

## નગરના ઉધાનો પાણીના અભાવે હરિયાળી ગુમાવી રહયા છે

**સેકટરોમાં સ્થિત બગીચાઓમાં લાઇટો પણ ડુલ રહેતા સાંજ ઢળતા અંધારપટ્ટ**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના ઉદ્યાનોને યોગ્ય પાણી ન મળતા બગીચાઓની હરિયાળી સુકાઇ રહી છે. જયારે બગીચાઓમાં લાઇટો પણ ડુલ રહેતા અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. તંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર ન હોવાના લીધે બગીચાની જાળવણીનુ કામ વિસરાયુ છે. જયારે પાણીનો સપ્લાય પણ ઘટાડી દેવાતા ઉદ્યાનોના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે.

શહેરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનોમાં પાણીની જરૂરિયાત પુરી ન થતા ઉદ્યાનોની હરિયાળી સામે ખતરો મંડરાયો છે. છેલ્લા કેટલાક સમયથી બગીચાઓને પુરતુ પાણી સપ્લાય કરવામાં આવતુ નથી. જેના લીધે બગીચાની લોન તેમજ પ્લાન્ટેશનમાં સુકારો લાગી ગયો છે. સેકટરોના બગીચાઓની જાળવણીના મુદ્દે બાગાયત તંત્ર ઉદાસીન બનતા બગીચાઓ રોનક ગુમાવી રહયા છે.જેના પરિણામે સેકટરવાસીઓમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. સેકટરોના બગીચાઓમાં અજવાળુ પાથરવા મુકવામાં આવેલી સોલાર લાઈટો પણ ડુલ રહેતા સાંજ ઢળતા જ ઉદ્યાનોમાં અંધારપટ્ટ છવાઈ જાય છે જેથી રાત્રિના સમયે બગીચાઓમાં ઘોર અંધારામાં દુષણો પાંગરતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. સેકટરોના બગીચાઓમાં પાણી સપ્લાય કરવા માટે તંત્ર દ્વારા સરગાસણ ખાતે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. જયારે આ અન્વયે શેહરના સ્વર્ણિમ પાર્ક તેમજ અન્ય મોટા ઉદ્યાનોમાં પાણી સપ્લાય કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આગામી તબક્કામાં અન્ય નાના મોટા ઉદ્યાનોને પણ આ વ્યવસ્થાના આધારે પાણી પુરુ પાડવાનુ આયોજન કરાશે પરંતુ નવી વ્યવસ્થા ગોઠવાય ત્યાં સુધી બગીચાઓને પાણી મળી રહે તે માટે યોગ્ય આયોજન કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.


**દુકાન વેચવાની છે**
વિશ્વકર્મા શોપીંગમાં, સેક્ટર નં.૨૧, ૭૦૦ ચો.ફુટ, ગ્રાઉન્ડ ફ્લોર
મો. નં. ૯૪૦૮૦ ૨૨૩૩૬
મો. નં. ૮૪૬૦૦ ૦૮૩૦૦

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


**ટેન્ડર નોટીસ**

ડૉ. બી.આર. આબેડકર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સિદ્ધાર્થ લૉ-કોલેજ, સેક્ટર-૧૬, ગાંધીનગર તરફથી ૯ ટોઈલેટ રીનોવેશન માટે અંદાજીત રૂ. ૪,૬૦,૦૦૦/-ના કામ માટે સરકાર માન્ય ઈજારદારશ્રી પાસેથી તરફથી ટેન્ડરની વિગત મુજબ તેમના ભાવ - ટેન્ડર મંગાવવામાં આવે છે. આ અંગેના કોરા ભાવપત્રક સવારે ૮ થી ૧૧ દરમિયાન રૂ. ૬૦૦/- ટેન્ડર ફી તેમજ જરૂરી દસ્તાવેજો રજૂ કરવાથી તા. ૧૯/૧૦/૨૦૧૫થી તા. ૨૮/૧૦/૨૦૧૫ સુધીમાં મળશે. ટેન્ડર રજી. પોસ્ટ દ્વારા પરત કરવાની છેલ્લી તારીખ ૩૦/૧૦/૨૦૧૫ છે. આ અંગેની વધુ વિગતો કોલેજની વેબસાઈટ www.siddharthlawcolleg.org પરથી મળી રહેશે.


**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.**
મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦
The Test of Capital
રૂપાલ વરદાયીની માતાની અસીમ કૃપાથી
પલ્લી નિમિત્તે
મધુર ડેરીનું એક નવું સોપાન
મધુર ઘી ૨૦૦ ગ્રામ પેકમાં
મધુરના તમામ પાર્લરો ઉપરથી મળશે

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com